RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 261 *Date: 11.07.2025,Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## દિલ્હીમાં ભારે વરસાદ, ૬ ફ્લાઈટ્સ ડાયવર્ટ:ગુરુગ્રામમાં ગાડીઓ તરવા લાગી; મધ્યપ્રદેશ-હરિયાણામાં નદીમાં ડૂબવાથી ૬ બાળકોના મોત





દિલ્હી-દ્વઝઈમાં આજે ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બુધવારે ખરાબ હવામાનને કારણે ૬ ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવામાં આવી હતી. ૪ ફ્લાઈટ્સ જયપુર અને ૨ ફ્લાઈટ્સ લખનઉ ડાયવર્ટ કરવામાં આવી હતી. કેટલીક ફ્લાઈટ્સના રૂટ બદલવામાં આવ્યા હતા. કેટલીક ફ્લાઈટ્સ મોડી પણ પડી હતી.ભારે વરસાદને કારણે દિલ્હીના ઘણા રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા અને કલાકો સુધી ટ્રાફિક જામ રહ્યો હતો. ગુરુગ્રામના રસ્તાઓ પર પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. વાહનો પાણીમાં તરતા જોવા મળ્યા હતા. રસ્તાઓ પર કમર સુધી પાણી ભરાયા હતા.અહીં, જબલપુર, રેવા, શહડોલ, સાગર સહિત મધ્યપ્રદેશના ઘણા જિલ્લાઓમાં પૂરની સ્થિતિ છે. બુધવારે નરસિંહપુરમાં નદીમાં ડૂબી જવાથી ૩ બાળકોના મોત થયા. હરિયાણાના કૈથલમાં તળાવમાં નહાવા ગયેલા ત્રણ બાળકો ડૂબી જવાથી મૃત્યુ થયા.મહારાષ્ટ્રના નાગપુરમાં ભારે વરસાદને કારણે ૭૧ ગામોનો જિલ્લા મુખ્યાલય સાથે સંપર્કવિહોણા થયા છે. બોરગાંવમાં ૩૫ વર્ષીય યુવક પૂરના નાળામાં તણાઈ ગયો હતો. ઉપ્પલવાડીમાં ૧૮ વર્ષના છોકરાનું પણ મોત થયું હતું. નાગપુર જિલ્લાની બધી સ્કૂલો ૯ જુલાઈ સુધી બંધ રાખવામાં આવી છે.મહારાષ્ટ્રના નાગપુરમાં ગુરુવારે પણ ભારે વરસાદ ચાલુ છે. હવામાન વિભાગે નાગપુર અને વર્ધા જિલ્લા માટે રેડ એલર્ટ જારી કર્યું છે.

## ભારતની સરહદ ચીન સાથે નહીં તિબેટ સાથે છેઃ અરુણાચલ પ્રદેશના CMનું મોટું નિવેદન

નેરેટિવ સેટ કરવાના ખેલમાં અરુણાચલ પ્રદેશના ઝસ્ર પેમા ખાંડૂએ ચીનને તેની જ સ્ટાઈલમાં જવાબ આપ્યો છે. પેમા ખાંડૂએ ગુરુવારે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, અરુણાચલ પ્રદેશની સરહદ ચીન સાથે નથી લાગતી તિબેટ સાથે લાગે છે. પહેલી નજરે તેનું નિવેદન વિચિત્ર અને ખોટું લાગી શકે છે. કારણ કે, શરૂઆતથી જ આપણને કહેવામાં આવ્યું છે કે, પૂર્વ દિશામાં ભારતની લગભગ ૧૨૦૦ કિલોમીટરની સરહદ ચીન સાથે લાગે છે.પરંતુ આ તથ્યને અરુણાચલ પ્રદેશના સીએમ પેમા ખાંડૂએ ડિપ્લોમેટિક ટ્વિસ્ટ આપી દીધો છે. પેમા ખાંડૂએ કહ્યું કે, ભારતનું અરુણાચલ પ્રદેશ રાજ્ય ચીન સાથે નહીં પરંતુ તિબેટ સાથે ૧૨૦૦ કિલોમીટરની સરહદ ધરાવે છે.



CM પેમા ખાંડૂએ આ નિવેદન ત્યારે આપ્યું છે જ્યારે દલાઈ લામાના બહાને તિબેટ ચર્ચામાં છે. આ ઉપરાંત ચીન ઘણીવાર અરુણાચલ પ્રદેશ પર પોતાનો ગેરકાયદેસર અને પાયાવિહોણો દાવો કરતું આવ્યુ છે. આ દાવાની પુષ્ટિ માટે ચીન એકપક્ષીય રીતે આ પ્રદેશના ઘણા વિસ્તારોના નામ બદલતુ રહે છે.

ઈન્ટરવ્યુ દરમિયાન જ્યારે તેમને જણાવવામાં આવ્યું કે, અરુણાચલ પ્રદેશની ૧૨૦૦ કિલોમીટરની સરહદ ચીન સાથે લાગે છે ત્યારે તરત જ તેમને અટકાવતા કહ્યું કે, હું તમારી ભૂલ સુધારી દઉં છું, અમારી સરહદ તિબેટ સાથે છે ચીન સાથે નહીં.

તેમણે આગળ કહ્યું કે, જો તમે નકશો જુઓ સત્ય એ છે કે ભારતના રાજ્યને સીધી રીતે ચીનની સરહદ નથી લાગતી, અમારી સરહદ માત્ર તિબેટ સાથે છે. એ સાચું છે કે, ૧૯૫૦માં ચીન ત્યાં આવ્યું અને બળજબરીથી તિબેટ પર કબજો કરી લીધો, આ વાતને નકારી ન શકાય, આ વાત અલગ છે, સત્તાવાર રીતે તિબેટ હવે ચીન હેઠળ છે. તેનાથી ઈનકાર ન કરી શકાય. પરંતુ અમે મૂળ રીતે તિબેટ સાથે સરહદ વહેંચીએ છીએ અને અરુણાચલ પ્રદેશમાં આપણે ત્રણ આંતરરાષ્ટ્રીય સરહદો વહેંચીએ છીએ - ભૂટાન સાથે, લગભગ ૧૫૦ કિલોમીટર, તિબેટ સાથે લગભગ ૧,૨૦૦ કિલોમીટર, જે દેશની સૌથી લાંબી સરહદોમાંની એક છે.

## અમદાવાદ પ્લેન ક્રેશ: બે દિવસ બાદ જાહેર કરાઈ શકે છે તપાસ રિપોર્ટ

પરિવહન, પર્યટન અને સંસ્કૃતિ મંત્રાયલની સંસદીય સ્થાયી સમિતિની બુધવારે (નવમી જુલાઈ) બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો(છછૈંમ)ના ડિરેક્ટર જનરલ જી.વી.જી. યુગંધરે સમિતિને જણાવ્યું હતું કે, 'અમદાવાદ વિમાન દુર્ઘટના અંગેનો પ્રારંભિક રિપોર્ટ થોડા દિવસોમાં જાહેર કરશે.' જોકે, સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ રિપોર્ટ ૨ દિવસમાં જાહેર કરી શકાય છે.




૧૨મી જૂને બપોરે લંડન જતું એર ઈન્ડિયાનું વિમાન અમદાવાદ એરપોર્ટ નજીક મેઘાણીનગર વિસ્તારમાં ટેક ઓફ થયાના થોડીવાર પછી ક્રેશ થયું હતું. ત્યારે ૧૨મી જુલાઈએ આ વિમાન દુર્ઘટનાને એક મહિનો પૂર્ણ થશે. ત્યારે AAIBએ નાગરિક ઉડ્ડયન મંત્રાલયને કોઈ પ્રારંભિક રિપોર્ટ સુપરત કર્યો નથી. ઈન્ટરનેશનલ સિવિલ એવિએશન ઓર્ગેનાઈઝેશન (ICAO) નિયમ અનુસાર, AAIB અકસ્માતના ૩૦ દિવસની અંદર મંત્રાલયને પ્રારંભિક અહેવાલ સુપરત કરી શકે છે. AAIBના અધિકારીઓએ સમિતિને જણાવ્યું હતું કે, 'ભારતમાં ક્રેશ થયેલા વિમાનના બ્લેક બોક્સની તપાસ પહેલીવાર થઈ રહી છે. બ્લેક બોક્સ અને વોઈસ રેકોર્ડર સુરક્ષિત છે. ડેટાની તપાસ કરવામાં આવી રહી છે.'

## તહેવારો પહેલા ખાદ્યતેલના ભાવમાં ધરખમ વધારો, જાણો સીંગતેલ અને કપાસિયા તેલના ડબ્બાનો ભાવ



રાજકોટમાં ખાદ્યતેલના ભાવમાં ભડકો જોવા મળ્યો છે. તહેવારો નજીક આવતાં છેલ્લા ચાર દિવસમાં એકાએક વધારો જોવા મળ્યો છે. સીંગતેલના ભાવમાં ૭૦ રૂપિયા જ્યારે કપાસિયા તેલના ભાવમાં ૮૦ રૂપિયાનો વધારો થયો છે. અગાઉ સીંગતેલનો ડબ્બો ૨૩૮૦ રૂપિયાના ભાવે મળતો હતો, જેનો ભાવ વધીને ૨૪૫૦ રૂપિયા થયો છે. જ્યારે કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૨૨૨૦ રૂપિયાથી વધીને ૨૩૦૦ રૂપિયા સુધી પહોંચી છે. તહેવારો ટાળે ખાદ્યતેલના ભાવમાં વધારો થતાં ગૃહિણીના બજેટ પર અસર જોવા મળી રહી છે.

ગુજરાતમાં ખાદ્યતેલના ભાવમાં ફરી એકવાર ઉછાળો આવ્યો છે. સીંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં નોંધપાત્ર વધારો ઝીંકાતા ગૃહિણીઓના બજેટ પર વધુ એક મોટો બોજ પડ્યો છે. રાજકોટ સહિતના બજારોમાં આજે (ગુરુવારે) સીંગતેલ અને કપાસિયા તેલના ડબ્બાના ભાવમાં રૂપિયા ૮૦નો ઉછાળો જોવા મળ્યો છે, જ્યારે સીંગતેલના ભાવમાં ૭૦ રૂપિયાનો વધારો નોંધાયો છે.

## ગંભીરા બ્રિજ દુર્ઘટના : અત્યાર સુધી ૧૫ મૃતદેહો મળ્યા, સર્ચ ઓપરેશન યથાવત્, તપાસ કમિટી આજે પ્રાથમિક રિપોર્ટ સોંપશે



વડોદરાના પાદરા-જંબુસર વચ્ચે આવેલો ગંભીરા બ્રિજ બુધવારે (નવમી જુલાઈ) તૂટી પડતાં અનેક વાહનો નદીમાં પડ્યા હતા. આ દુર્ઘટનામાં ૧૫ લોકોના મોત નીપજ્યાં છે. ત્યારે આ ઘટનામાં તપાસ માટે માર્ગ અને મકાન વિભાગના ૬ સભ્યોની કમિટી બનાવાઈ છે. આ કમિટી બ્રિજ તૂટવાના કારણો, ક્ષતિ, બેદરકારીની તપાસ કરશે. ત્યારે કમિટી આજે સાંજ સુધીમાં પ્રાથમિક રોપિર્ટ સોંપે તેવી શક્યતા છે.ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ સરકાર એક્શનમાં આવી છે. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને મહત્ત્વની બેઠક મળી હતી. જેમાં દુર્ઘટનાની જવાબદારી નક્કી કરવા સીએમએ અધિકારીઓને સૂચના આપી છે. ગંભીરા બ્રિજ દુર્ઘટનાઃ અત્યાર સુધી ૧૫ મૃતદેહો મળ્યા, સર્ચ ઓપરેશન યથાવત્, તપાસ કમિટી આજે પ્રાથમિક રિપોર્ટ સોંપશે

ગંભીરા બ્રિજ દુર્ઘટનાના બીજા દિવસે (૧૦મી જુલાઈ) વહેલી સવારથી માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની ટીમ ઉચ્ચ સ્તરીય તપાસ માટે ઘટનાસ્થળે પહોંચી હતી. માર્ગ અને મકાન વિભાગની આ તપાસ સમિતિમાં મુખ્ય ઈજનેર સી. પટેલ અને એન. કે. પટેલ ઉપરાંત અધિક્ષક ઈજનેર કે. એમ. પટેલ, એમ. બી. દેસાઈ ઉપરાંત એન. વી. રાઠવા પણ જોડાયા છે.બીજી તરફ વહેલી વહેલી સવારથી જ દ્ગડ્ઢઇહ્લ સહિતની બચાવ ટુકડીઓ દ્વારા શોધખોળ કામગીરી હાથ ધરવામાં આવી છે. કલેકટર અનિલ ધામેલિયા સહિતના અધિકારીઓ સવારે જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. મહેસૂલી તંત્ર અને પોલીસની ટીમોએ અહી રાતભર પડાવ નાખ્યો હતો.એનડીઆરએફ દ્વારા થયેલા સર્ચ ઓપરેશન દરમિયાન વધુ એક મૃતદેહ મળી આવ્યો હતો. જેને પાદરા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલવામાં આવ્યો હતો. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ દ્વારા આજે સવારે સ્થળ મુલાકાત કરવામાં આવી છે. આ ઉપરાંત તૂટી પડેલા ભાગને જરૂર પડે તો તોડવાની કાર્યવાહી કરવા માટે કલેકટર દ્વારા સૂચના આપવામાં આવી છે.

**તંત્રી લેખ..........**

## શેરોના ઊંચા મૂલ્યાંકનઃ ટોચની ૨૦૦ કંપનીઓના પ્રમોટરો દ્વારા હિસ્સાનું વેચાણ

શેરોના ઊંચા મૂલ્યાંકનોનો લાભ લઈ નાણાં વર્ષ ૨૦૨૧થી ભારતની ટોચની ૨૦૦ લિસ્ટેડ કંપનીઓના પ્રમોટરોએ પોતાની કંપનીઓમાં પોતાના ઈક્વિટી હોલ્ડિંગમાં નોંધપાત્ર ઘટાડો કર્યો હોવાનું એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું છે. પ્રમોટરો દ્વારા હોલ્ડિંગમાં ઘટાડાથી કંપનીઓમાં શેરહોલ્ડિંગની પેટર્નમાં પણ બદલાવ આવી જોવા મળી રહ્યો છે.નાણાં વર્ષ ૨૦૨૧માં ટોચની ૨૦૦ ખાનગી લિસ્ટેડ કંપનીઓમાં પ્રમોટરોનું એકંદર હોલ્ડિંગ જે ૪૩ ટકા હતું તે નાણાં વર્ષ ૨૦૨૫ના અંતે ઘટી ૩૭ ટકા પર આઆવી ગયાનું રિપોર્ટમાં જણાવાયું છે.

મોટા બ્લોક ડીલ્સ મારફત ફન્ડ હાઉસો કંપનીઓમાં પોતાના ઈક્વિટી હોલ્ડિંગ વધારવાનો વ્યૂહ ધરાવી રહી છે જે ફન્ડોના હોલ્ડિંગમાં થયેલા વધારા પરથી કહી શકાય એમ છે. નાણાં વર્ષ ૨૦૨૧થી નાણાં વર્ષ ૨૦૨૫માં મ્યુચ્યુઅલ ફન્ડોનું સદર ૨૦૦ કંપનીઓમાં હોલ્ડિંગ૩.૬૦ ટકા વધી ૧૦.૯૦ ટકા પહોંચી ગયું છે જ્યારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ)નું હોલ્ડિંગ ૪.૨૦ ટકા ઘટી ૨૪.૪૦ ટકા પર આવી ગયું છે. છેલ્લા કેટલાક સમયથી ભારતીય શેરબજારમાં વિદેશી રોકાણકારોની વેચવાલી જોવા મળી રહી છે જ્યારે ઘરેલુ સંસ્થાકીય રોકાણકારોના રોકાણમાં વધારો થઈ રહ્યો છે. પ્રમોટરો દ્વારા જંગી માત્રામાં વેચાણ તેઓ ઊંચા મૂલ્યાંકનનો લાભ લઈ રહ્યાના સંકેત આપે છે. જ્યારે બીજી બાજુ દેશના ફન્ડ હાઉસોની ઈક્વિટી સ્કીમ્સમાં નોધપાત્ર ઈન્ફલોસને ધ્યાનમાં રાખી ફન્ડોની ખરીદ શક્તિમાં વધારો થયો છે. વર્તમાન કેલેન્ડર વર્ષના પ્રથમ છ મહિનામાં ઘરેલુ સંસ્થાકીય રોકાણકારોએ રૂપિયા ૩.૫૦ ટ્રિલિયનની નેટ ખરીદી કરી છે જ્યારે વિદેશી રોકાણકારોની રૂપિયા ૮૨૦૦૦ કરોડની નેટ વેચવાલી રહી છે. દેવાની ભરપાઈ કરવા અથવા મૂડી ખર્ચ હાથ ધરવા પ્રમોટરો દ્વારા હિસ્સામાં ઘટાડો કરાતો હોવાનું રિપોર્ટમાં જણાવાયું છે.

# ચીઝનો ચટાકો : બે કિલોના એક પીસની હરાજીમાં કિંમત અધધધ..૩૬ લાખ રૂપિયા




અમદાવાદ : ચીઝ આપણે ત્યાં રોજીંદા ખોરાકની યાદીમાં આવતી જાય છે. તાજેતરમાં વિશ્વની સૌથી મોંઘી ચીઝ વેચાઇ છે. તેની કિંમતના કારણે તને ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. અધધધ..કહી શકાય એવા ૩૬ લાખ રૂપિયાની કિંમતમાં ચીઝનો એક ૨.૩ કિલોનો પીસ ઉત્તર સ્પેનના ઓસ્ટ્રીયામાં એક હરાજી દરમ્યાન વેચાયો છે.

સ્પેનમાં બહુ નામાંકીત એવી પરમી ચીઝ સ્પર્ધાની યોજાઇ ત્યારે તેમાં સૌથી મોંઘી ચીઝ વેચવાની હરાજીમાં સ્પેનની નવ જેટલી કંપનીઓ ભાગ લીધો હતો. ચીઝના એક ટુકડાનો ભાવ ગીનીસ બુકમાં ૨૦૧૮માં ૨,૪૭૪ પાઉન્ડનો હતો, ૨૦૧૯માં ૨૦,૫૦૦ પાઉન્ડ હતો. જોકે આ વખતે તે ભાવ વિક્રમી એવો ૩૬,૦૦૦ પાઉન્ડ પર બોલાતાં ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નવો રચાયો છે. એન્જલ ડિયાઝ હરેરો ફેક્ટરીમાં બનાવાયેલી ચીઝ વિશ્વમાં સૌથી મોંઘી જાહેર થઈ છે. આશ્ચર્યતો એ વાતનું છે કે કેબ્રાલ્સ ચીઝ સતત ત્રીજા વર્ષે વર્લ્ડ રોકોર્ડમાં પ્રવેશી છે. ચીઝ એટલે કહેવાય દુધનો એક ટુકડો પરંતુ તે જ્યારે તેનો એક ટુકડો ૩૬,૩૦,૩૪૦ રૂપિયામાં વેચાય ત્યારે ચીઝના રસિયાઓ વધુ વિગત મેળવવા પ્રયાસ કરે તે સ્વભાવિક છે.ગાયના દૂધમાંથી બનાવેલી ચીઝની ચકાસણી જજની પેનલે કરી હતી. આ ચીઝ સ્પર્ધામાં ૧૫ જેટલા પ્રાદેશીક ચીઝ ઉત્પાદકોએ ભાગ લીધો હતો. હરાજીની બોલીની શરૂઆત ૩૦૦૦ પાઉન્ડથી થઇ હતી. આ ચીઝ મોંઘી એટલા માટે છે કે તેને લોસમોસોઝની ગુફાની અંદર ૧૦ મહિના માટે પરિપક્વ કરવા મુકાઇ હતી.છેલ્લા પાંચ દાયકાથી કેબ્રાલ્સ ચીઝ સ્પર્ધા ચાલે છે. કેમકે ઉત્તર સ્પેનનો આખો પ્રદેશ પરંપરાગત રીતે ચીઝનું ઉત્પાદન કરે છે. જે ચીઝ સૌથી મોંઘા ભાવે વેચાઇ તે એન્જાલ ડીયાઝ હરેરો ચીઝ ફેક્ટરી પર્વતીય ગામ ટીએલવેમાં ત્રણ દાયકા પહેલાં ઉભી કરાઇ હતી. તેના ફાઉન્ડર હવે નિવૃત થતાં તેમના પત્ની બિઝનેસ સંભાળે છે. જે દર વર્ષે ૧૦,૦૦૦ કિલો કેબ્રાલ્સ ચીઝ બનાવે છે.

અહીં ઉલ્લેખનીય છે કે ભારતમાં ચીઝનું માર્કેટ ૧૦૭.૫૪ અબજ રૂપિયાનું છે જે ૨૦૩૩ સુધીમાં ૫૯૩.૪૭ અબજ રૂપિયા પર પહોંચવાની ધારણા છે. એટલેકે વર્તમાન વેચાણમાં ૧૯.૮૬ ટકાનો વધારો થઇ શકે છે.

# સોનાના વૈશ્વિક ૨૩ ટ્રિલિયન ડોલરના બજારમાં ભારતનો હિસ્સો ૧૫ ટકા



૨૩ ટ્રિલિયન ડોલરની વૈશ્વિક ગોલ્ડ બજારમાં ભારતનો હિસ્સો ૧૫ ટકા છે એમ એક રિપોર્ટમાં જણાવાયું હતું. વૈશ્વિક ફોરેકસ રિઝર્વનો આંક ૧૨.૫૦ ટ્રિલિયન ડોલર છે જ્યારે વર્તમાન વર્ષના ૨૭ જૂનના સપ્તાહના અંતે ભારતના ફોરેકસ રિઝર્વનો આંક ૭૦૨.૭૮ અબજ ડોલર રહ્યો હતો.અત્યારસુધી ખાણમાંથી બહાર કઢાયેલા સોનામાંથી ૬૫ ટકા સોનાનું જ્વેલરીમાં રૂપાંતર થયેલું છે જ્યારે ગ્લોબલ રિઝર્વના પાંચ ટકા પણ જો સોના તરફ વળી જાય તો સોનાના ભાવમાં નોંધપાત્ર રેલી જોવા મળી શકે છે. જો કે આટલી માત્રામાં ગ્રહણ કરી શકાય તેટલુ સોનુ ઉપલબ્ધ નહીં હોવાની પણ રિપોર્ટમાં નોંધ કરવામાં આવી છે.

૨૦૨૪માં વિશ્વની વિવિધ કેન્દ્રીય બેન્કોએ કુલ ૮૪ અબજ ડોલરના મૂલ્ય જેટલા સોનાની ખરીદી કરી હતી જ્યારે ૨૦૦૦થી ૨૦૧૬ સુધીના સોળ વર્ષના ગાળામાં આ બેન્કોએ ૮૫ અબજ ડોલરના મૂલ્યના સોનાની ખરીદી કરી હતી. એક જ વર્ષમાં સોનાની આટલી જંગી માત્રામાં ખરીદી મોટાભાગના દેશો પોતાના રિઝર્વમાં ડોલર સિવાયની એસેટસ પણ જાળવવા માગતા હોવાનું સૂચવે છે.

# યુક્રેન માટે વધુ શસ્ત્રોનું સમર્થન કરતાં ડોનાલ્ડ ટ્રમ્પે પુતિનની ફરી ટીકા કરી



વોશિંગ્ટન/મોસ્કો,

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેન યુદ્ધ અંગે વ્લાદિમીર પુતિન પ્રત્યેની પોતાની નારાજગીનો પુનરોચ્ચાર કર્યો અને પુષ્ટિ કરી કે તેઓ રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીની સરકારને વધુ રક્ષણાત્મક શસ્ત્રો મોકલી રહ્યા છે, પેન્ટાગોન દ્વારા અગાઉના વિરામને બાજુ પર રાખીને.

×તે ઘણા બધા લોકોને મારી રહ્યો છે તેથી અમે યુક્રેનને કેટલાક રક્ષણાત્મક શસ્ત્રો મોકલી રહ્યા છીએ અને મેં તેને મંજૂરી આપી દીધી છે,× ટ્રમ્પે મંગળવારે કેબિનેટની બેઠકમાં પત્રકારોને જણાવ્યું હતું. બેઠકની શરૂઆતમાં, તેમણે કહ્યું હતું કે તેઓ ×પુતિનથી ખુશ નથી× કારણ કે રશિયન નેતા ×ઘણા લોકોને મારી રહ્યા છે.×

૨૪ કલાકથી ઓછા સમયમાં ટ્રમ્પે પુતિન દ્વારા યુક્રેનમાં યુદ્ધવિરામ માટે કામ કરવાનો ઇનકાર કરવા બદલ નારાજગી વ્યક્ત કરી હોય તેવું બીજી વખત બન્યું છે, આ વિચારને ઝેલેન્સકીએ સમર્થન આપ્યું છે. ટ્રમ્પે પદ સંભાળતા પહેલા કરેલા દાવાઓથી પલટી ગયા છે કે તેઓ ૨૪ કલાકમાં યુદ્ધનો અંત લાવી શકે છે.ક્રેમલિને બુધવારે કહ્યું હતું કે તેને આશા છે કે ટીકા અને કિવને શસ્ત્રોની ડિલિવરી ફરી શરૂ થવા છતાં ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે વાતચીત ચાલુ રહેશે. ઇન્ટરફેક્સ ન્યૂઝ સર્વિસ અનુસાર, પુતિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે જણાવ્યું હતું કે મોસ્કો અપેક્ષા રાખે છે કે ×ટ્રમ્પ અને તેમની ટીમ યુક્રેનિયન સમાધાન પ્રક્રિયાને રાજકીય અને રાજદ્વારી સ્તરે લાવવાના તેમના પ્રયાસો ચાલુ રાખશે,× ઇન્ટરફેક્સ ન્યૂઝ સર્વિસ અનુસાર.

કેબિનેટ બેઠકમાં, ટ્રમ્પે કહ્યું કે તેઓ સેનેટમાં રજૂ કરાયેલા બિલ પર ×ખૂબ જ મજબૂત× નજર રાખી રહ્યા છે જે રશિયા અને તેના તેલ, પેટ્રોલિયમ ઉત્પાદનો, કુદરતી ગેસ અથવા યુરેનિયમ ખરીદનારા દેશો પર ગંભીર પ્રતિબંધો લાદશે. તેમણે તેને ×વૈકલ્પિક બિલ× ગણાવ્યું.

સેનેટર લિન્ડસે ગ્રેહામે કહ્યું કે તેમને આશા છે કે આ અઠવાડિયે સેનેટ નેતૃત્વ દ્વારા પ્રતિબંધોના પગલાં અંગે જાહેરાત કરવામાં આવશે. ×શસ્ત્રોના પ્રવાહ સાથે, આ બિલ પસાર થતાં, યુરોપિયનો પાસે પ્રતિબંધ પેકેજ હોવાથી, મને લાગે છે કે પુતિનને ટેબલ પર લાવવાની આ શ્રેષ્ઠ તક છે,× દક્ષિણ કેરોલિનાના રિપબ્લિકન ગ્રેહામે મંગળવારે પત્રકારોને જણાવ્યું. તેમણે કહ્યું કે નવીનતમ બિલમાં ટ્રમ્પને વધુ લવચીકતા આપતી છૂટછાટોનો સમાવેશ થાય છે, જેનાથી કોંગ્રેસના બંને ગૃહો પસાર થવાની શક્યતા વધી જાય છે.×રાષ્ટ્રપતિ ટ્રમ્પ સારા છે, તેમાં છૂટછાટ છે, તેમણે મને કહ્યું કે હવે અસેડવાનો સમય આવી ગયો છે તેથી આપણે આગળ વધીશું,× ગ્રેહામે ઉમેર્યું.

# હિમાચલઃ બોમ્બની ધમકીને કારણે શિમલા, કુલ્લુ અને નાહનમાં જિલ્લા કોર્ટ ખાલી કરાવવામાં આવી; તપાસ શરૂ

શિમલા,

હિમાચલ પ્રદેશના શિમલા, કુલ્લુ અને નાહનમાં જિલ્લા અદાલતોને બુધવારે ઈમેઈલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી, જેના કારણે અધિકારીઓએ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, સુરક્ષા કર્મચારીઓએ સાવચેતીના પગલા તરીકે ત્રણ જિલ્લાઓમાં કોર્ટ સંકુલને ઝડપથી ખાલી કરાવ્યા હતા. પરિસર અને નજીકના વિસ્તારોની સંપૂર્ણ તપાસ કરવા માટે તમામ સ્થળોએ વિશેષ બોમ્બ ડિસ્પોઝલ યુનિટ અને ડોગ સ્ક્વોડ તૈનાત કરવામાં આવ્યા હતા. પોલીસે પુષ્ટિ આપી હતી કે કોઈપણ સંભવિત ખતરાને નકારી કાઢવા માટે હાલમાં વિગતવાર શોધખોળ ચાલી રહી છે. અત્યાર સુધી, નિરીક્ષણ દરમિયાન કોઈ વિસ્ફોટક કે શંકાસ્પદ સામગ્રી મળી નથી, તેમણે ઉમેર્યું.

પોલીસે શું કહ્યું?

મીડિયા સાથે વાત કરતા, શિમલા એસપી સંજીવ કુમાર ગાંધીએ જણાવ્યું હતું કે શિમલા અને રામપુર સહિત અનેક સ્થળોએ કોર્ટ પરિસરને ઉડાવી દેવાની ધમકી આપતા ઈમેઈલ બુધવારે મળ્યા હતા. નિવારક પગલાં લેવામાં આવી રહ્યા છે, અને ડીએસપી સ્તરના અધિકારીઓના નેતૃત્વમાં પોલીસ ટીમો સ્થળ પર છે, એમ તેમણે ઉમેર્યું.

પોલીસે જણાવ્યું હતું કે, આ ધમકીને કારણે તાત્કાલિક સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું અને જાહેર જનતા અને કોર્ટ સ્ટાફની સલામતી સુનિશ્ચિત કરવા માટે સુરક્ષા વધારી દેવામાં આવી હતી. એસપી ગાંધીએ જણાવ્યું હતું કે હિમાચલ પ્રદેશ પોલીસ અન્ય રાજ્યો સાથે સંકલન કરી રહી છે જેમને સમાન ધમકીઓ મળી છે, અને આરોપીઓને શોધવા માટે તપાસ ચાલી રહી છે.

બોમ્બ ધમકીઓ

તાજેતરના મહિનાઓમાં, હિમાચલ પ્રદેશ હાઈકોર્ટ, હિમાચલ પ્રદેશ સચિવાલય અને ડેપ્યુટી કમિશનરની ઓફિસોમાં પણ બોમ્બ ધમકીઓ મળી હતી. જો કે, તે બધા બોમ્બ ધમકીઓ હોવાનું બહાર આવ્યું.

રાજભવન, હૈદરાબાદમાં સિવિલ કોર્ટને બોમ્બ ધમકીઓ મળી છેમંગળવારે આવી જ એક ઘટનામાં, તેલંગાણા રાજભવન, સિટી સિવિલ કોર્ટ અને અન્ય ઘણા સ્થળોએ બોમ્બ ધમકીઓ મળી હતી, જેના કારણે અધિકારીઓએ શોધખોળ હાથ ધરી હતી. રાજભવનના સ્ટાફને એક ઈમેઈલ ધમકી મળી હતી, જેના કારણે પરિસરની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી જેમાં કંઈ શંકાસ્પદ મળ્યું ન હતું, પોલીસે જણાવ્યું હતું. સિટી સિવિલ કોર્ટને મોકલવામાં આવેલા ઈમેઈલમાં ચેતવણી આપવામાં આવી હતી કે ×તમારી સિવિલ કોર્ટ/જજ ચેમ્બર્સ અને જીમખાના ક્લબમાં ૪ ઈંઠ-આધારિત ઈંઠ મૂકવામાં આવ્યા છે. ટૂંક સમયમાં બધા જજ/સ્ટાફને ખાલી કરો!

# પક્ષી અથડાતાં એન્જિનમાં ખામી સર્જાતા દિલ્હી જતી ઈન્ડિગો ફ્લાઈટ પટના પરત ફરી




પટના,

બુધવારે (૯ જુલાઈ) સવારે ૧૭૫ મુસાફરો સાથે દિલ્હી જતી ઈન્ડિગોની ફ્લાઈટ પટનાના જયપ્રકાશ નારાયણ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સુરક્ષિત પરત ફરી હતી, કારણ કે તેના એક એન્જિનમાં પક્ષી અથડાવાને કારણે ટેકનિકલ ખામી સર્જાઈ હતી. ફ્લાઈટ, ંઈ૫૦૦૯, સવારે ૮:૪૨ વાગ્યે ઉડાન ભરી હતી અને એન્જિનના કંપનને કારણે તાત્કાલિક પરત ફરવાની વિનંતી કરી હતી.તે સવારે ૯:૦૩ વાગ્યે સુરક્ષિત રીતે ઉતરાણ કર્યું. એરપોર્ટ અધિકારીઓએ પુષ્ટિ આપી કે બધા મુસાફરો અને ક્રૂને કોઈ નુકસાન થયું નથી. વિમાનનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે, અને એરલાઈન અસરગ્રસ્ત મુસાફરો માટે વૈકલ્પિક મુસાફરીની વ્યવસ્થા કરી રહી છે. ×૯ જુલાઈ ૨૦૨૫ ના રોજ પટનાથી દિલ્હી જતી ઈન્ડિગોની ફ્લાઈટ ૬ઈ ૫૦૦૯ પક્ષી અથડાવાને કારણે પટના પાછી વળી ગઈ. વિમાનના જરૂરી નિરીક્ષણ અને જાળવણીની જરૂરિયાતને કારણે, ફ્લાઈટને આજ માટે રદ કરવામાં આવી છે,× એરલાઈનના પ્રવક્તાએ જણાવ્યું.

ટેકનિકલ ખામીને કારણે ઈન્ડિગો ફ્લાઈટ ૬ઈ ૭૨૯૫ હવામાં પાછી ફરે છે


દરમિયાન, ઈન્દોરથી રાયપુર જતી ઈન્ડિગો ફ્લાઈટ ૬ઈ ૭૨૯૫, મંગળવારે સવારે ટેકનિકલ ખામીને કારણે ટેકઓફ પછી થોડી વારમાં જ પાછી ફરવાની ફરજ પડી હતી, જેના કારણે ઈન્દોરમાં પાછી ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવી હતી.

સવારે ૬:૩૫ વાગ્યે ઉપડનારી ફ્લાઈટ સવારે ૬:૨૮ વાગ્યે થોડી વહેલી ઉડાન ભરી હતી અને સવારે ૮:૩૦ વાગ્યે રાયપુરમાં ઉતરવાની અપેક્ષા હતી. જોકે, ટેકઓફ કર્યા પછી તરત જ, પાયલોટે ટેકનિકલ સમસ્યાની જાણ કરી અને એર ટ્રાફિક કંટ્રોલ પાસેથી પ્રાથમિકતા લેન્ડિંગ મંજૂરી માંગી. વિમાન કોઈ પણ ઘટના વિના સુરક્ષિત રીતે ઉતરાણ કર્યું.

બધા મુસાફરોને સુરક્ષિત રીતે નીચે ઉતારી લેવામાં આવ્યા હતા, અને ત્યારબાદ ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. ઈન્ડિગોએ અસરગ્રસ્ત મુસાફરોને સંપૂર્ણ રિફંડ અથવા વૈકલ્પિક ફ્લાઈટ વ્યવસ્થાની ઓફર કરી હતી. ફ્લાઈટ ટ્રેકિંગ પ્લેટફોર્મ ફ્લાઈટરડારડ૨૪ એ વિમાનને ઈન્દોર પરત વાળવાની પુષ્ટિ કરી હતી.

# મહાવતાર નરસિમ્હા’નું દમદાર ટ્રેલર રિલીઝઃભક્ત પ્રહલાદની ભક્તિ અને નરસિંહનું રૌદ્ર સ્વરૂપ; ૨૫ જુલાઈએ મોટા પડદે જોવા મળશે

ફિલ્મ ‘મહાવતાર નરસિમ્હા’નું ટ્રેલર રિલીઝ થયું છે. આ ૨ મિનિટ ૫ સેકન્ડના ટ્રેલરમાં ભક્ત પ્રહલાદની ભક્તિ અને ભગવાન નરસિંહના અવતારની વાર્તા બતાવવામાં આવી છે. આ ફિલ્મ ૨૫ જુલાઈના રોજ રિલીઝ થશે.ટ્રેલરની શરૂઆત ‘ૐ બ્રહ્મા દેવાય નમઃ’ મંત્રથી થાય છે. તેમાં દર્શાવવામાં આવ્યું છે કે, કેવી રીતે ભગવાન વિષ્ણુ નરસિંહ તરીકે અવતાર લે છે અને દુષ્ટતાનો નાશ કરે છે અને ધર્મ અને માનવતાને પુનઃસ્થાપિત કરે છે.આ વાર્તા ભગવાન વિષ્ણુના પ્રખર ભક્ત પ્રહલાદની આસપાસ ફરે છે, જેનો સામનો તેના નાસ્તિક પિતા હિરણ્યકશ્યપ સાથે થાય છે, જેમને ભગવાન બ્રહ્મા દ્વારા અમરત્વનો આશીર્વાદ મળ્યો છે. ટ્રેલરમાં શ્રદ્ધાની ગર્જના બતાવવામાં આવી છે, જ્યારે ભગવાન વિષ્ણુના અવતાર મહાવતાર નરસિંહનો જન્મ થાય છે અને પ્રહલાદનું રક્ષણ



કરવા માટે અવતરિત થાય છે, જે વાર્તાને દૈવી બનાવે છે.સાઉથની બ્લોકબસ્ટર ફ્રેન્ચાઈઝી જેમકે, કેજીએફ, કંતારા, સલાર અને બગીરા જેવી મોટી ફિલ્મો બનાવનાર પ્રોડક્શન હાઉસ હોમ્બલે ફિલ્મ્સ હવે ક્લેમ પ્રોડક્શન્સ સાથે મળીને આ ફિલ્મ લાવી રહ્યું છે. એટલું જ નહીં, તેઓ ભવિષ્યમાં ભગવાન વિષ્ણુના દસ દિવ્ય અવતારોની વાર્તા પણ લાવશે. તેની શરૂઆત મહાવતાર નરસિમ્હા (૨૦૨૫)થી થશે. આ પછી, મહાવતાર પરશુરામ (૨૦૨૭), મહાવતાર રઘુનંદન (૨૦૨૯), મહાવતાર દ્વારકાધીશ (૨૦૩૧), મહાવતાર ગોકુલાનંદ (૨૦૩૩), મહાવતાર કલ્કી ભાગ ૧ (૨૦૩૫) અને મહાવતાર કલ્કી ભાગ ૨ (૨૦૩૭) પણ આવશે.પ્રોડ્યૂસર શિલ્પા ધવને કહ્યું, ‘હવે ગર્જના કરવાનો સમય છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No. 181
વિષય ×વરસાદ×
શીર્ષક: ×વરસાદ છે×
પ્રકાર: પદ્ય શબ્દો: ૬૮

ક્યાંક વાંછટ વરસે તો
ક્યાંક વરસે છે ધોધમાર,
ક્યાંક બસ માત્ર એની આહટ છે...કે વરસાદ છે!..

ક્યાંક છે ઉંડો ઇંતેજાર,
ક્યાંક છે ઓંચિતો આવકાર,
કયાંક જો મળે સામે તને તો પૂછજે ....કે વરસાદ છે?..

ક્યાંક વહી જાતાં છુપાયેલાં આંસુ
ક્યાંક પાંપણે રોકી રાખેલાં આંસુ
ક્યાંક જો ઢળી પડે લાગણીનો ધોધ...કે વરસાદ છે!..

ક્યાંક થનગનતો મોર નાચે
ક્યાંક મનમાં થનગાટ ગાજે
ક્યાંક કૌસુમી રાગ સજે તો જાણે....કે વરસાદ છે!..

??સુરમી બધેકા કૌસુમી ?? મુંબઈ
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

: NOG SS No :- 209
વિષય- વરસાદ વિષયક
શિર્ષક- સાચવો પ્રકૃતિ શબ્દો- ૧૫૧
આધુનિકતાની હોડમાં ભૂલ્યો ભાન માનવ આજ
વૃક્ષોનું કર્યુ નિકંદન આજ,ધરતી બની ઉદાસ.

માનવ કંઈક કર વિચાર તારી આવતી પેઢીનો શું થશે હાલ
વૃક્ષો વાઢ્યા,ગરમી વધી,પીધળ્યાં બર્ફીલા પહાડો, ખોરવાયું ઋતુ ચક્ર.
ઉનાળો ને ચોમાસું રહી માત્ર બે ઋતુઓ,
વરસાદનું બન્યું વિષચક્ર,ગમે ત્યારે આવી ચડે,
બેહાલ થયાં ધરતીનાં,માણસ ભોગવે ભૂલ, કરવો કોઈ ઉપાય હવે.
સ્વધા સમજાવે સમજો, થોભો હવે જો ચાહો તમારી પેઢીનું, ઉજળું ભવિષ્ય.
સુધા જે. પુરોહિત ‘સ્વધા’ હોનોલુલૂ અમેરિકા
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO : 161
વિષય : વરસાદ
શિર્ષક : કુદરતનો ખોળો
પ્રકાર : લેખ શબ્દો : ૨૩૧

× આંખોમાં બેઠેલા ચાતક કહે છે મારું ચોમાસું ક્યાંક આસપાસ છે×..

વરસાદમાં ભીના થવું કે ભીંજાવું? ભીના થયા પછી પણ? મનથી કોરા કટ કોઈ રહી શકે? મેઘ અને ધરતીનો તો પ્રેમનો સંબંધ છે!

મેઘ ગાજે, ગગનમાં દામિની ચમકે, મોર, બપૈયા, દાદુર બોલે ને ધરતી જાણેકે હિલોળા લે. ધરતી બાથ ભરીને વરસાદને આવકાર આપતી હોય એવી ઉમંગથી નાચે.

ગરમીથી તપ્ત અને ત્રસ્ત ધરતી જ્યારે ગગનમાં ચાલતી મેઘની લીલા જુએ ત્યારે ઠંડા પવનથી વરસાદી માહોલનું સ્વાગત કરે. ડુંગર હોય કે નદી, સાગર હોય કે સરોવર ..ધરા પર વરસાદની શરૂઆત થાય અને ચારે કોર હરિયાળી છવાય. પશુ, પંખી હોય કે આપણે માણસજાત, આવો જાજરમાન લ્હાવો નિહાળવાનું કોને ના ગમે! ચોમેર ખીલેલી વસુંધરા દેદીપ્યમાન લાગે. એમાં પણ વાદળમાંથી પડતો ઝરમરિયો વરસાદનો અનુભવ અંતરમનમાં એક અદ્વિતીય આનંદનો ઉભરો લાવી દે છે.

પરંતુ આ તો કુદરત છે. ક્યારે રીઝે અને ક્યારે કોપાયમાન થાય કંઈ કહેવાય નહીં. કુદરતે પોતે જ ઊભું કરેલું સુંદર વાતાવરણ ઘડી ના છઠ્ઠા ભાગમાં નષ્ટ કરી નાખે . ચારે કોર વરસાદ માઝા મૂકી દે. નદીમાં આવતા પૂર સમગ્ર શહેરને નષ્ટ કરી નાખે. લોકોમાં દેખાતો વરસાદ માણવાનો આનંદ પળભરમાં શોકમાં ડૂબી જાય. આજકાલ માણસ કુદરતની સામે ખીલવાડ કરે છે. ટેક્નોલૉજીનો ભરપુર ઉપયોગ કરીને કુદરતની સુંદરતાને નષ્ટ કરી દે છે. મકાનો બાંધવા માટે સુંદર ઉગેલા વૃક્ષોનું છેદન કરી નાંખે છે. એકબાજુ વૃક્ષારોપણના મોટા મોટા કાર્યક્રમો યોજવામાં આવે છે અને બીજી બાજુ વૃક્ષોનું છેદન થતું રહે છે. આપણે હવે કુદરતના ખોળે રમતાં શીખીએ! અસ્તુ!
◦◦◦◦ગ્રીષ્મા પંડ્યા ◦◦
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO- 334
વિષય:- વરસાદ શીર્ષક:- ઓ વરસાદ
પ્રકાર:- પદ્ય કાવ્ય શબ્દો :- ૯૪

મન માધવને મળવા ઝંખે એમ,
હું તને મળવા ઝંખું વહાલા ઓ વરસાદ!
પાગલ બનીને વાયરો ડોલે એમ,
હું તારી ચાલમાં ઘેલો થાઉં ઓ વરસાદ!
આકાશમાં ઘનઘોર ઘટા છવાઈ એમ,
હું મોર બની નર્તન કરવા લાગું ઓ વરસાદ!
ઉત્તરની વાદળી દક્ષિણમાં મિલન કરે એમ,
હું તારી ચમકતી વીજમાં ચમકુ ઓ વરસાદ!
સોનેરી શણગાર સજી નવોઢા આવે એમ,
હું સ્પંદન ઉર ઉમંગમાં સદા રાચુ ઓ વરસાદ!
સ્વપ્ન સાગરમાં ડૂબી જવા થનગને નદી એમ,
હું સૃષ્ટિ અપાર સૌંદર્ય દર્પણ માગું ઓ વરસાદ!
‘ફાગ‘ યૌવનમાં ખીલી ઝરમર પ્રીત મહેંક એમ,
હું અમી બુંદોમાં તરબોળ થવા ચાહું ઓ વરસાદ!

ડૉ ફાલ્ગુની રાઠોડ ‘ફાગ‘ નવસારી
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO:334
વિષય: વરસાદ
શીર્ષક: હરિયાળી છવાઈ ગઈ
પ્રકાર: પદ્ય શબ્દો: ૬૩

તપી ધરા અગનઝાળ ઊઠે પૃથ્વી પર,
જીવસૃષ્ટિ આખી કાળઝાળ થઈ ગઈ.

ગોરંભાયું આકાશને ચડી વાદળીઓ,
કૃષક જનોનાં હૈયાંને ટાઢક વળી ગઈ.

વરસ્યો એવો કે મુશળધાર વરસ્યો,
આનંદની હેલી અંતરાલે વરસી ગઈ.

લીલીછમ હરિયાળી છવાઈ ધરા પર,
જ્યાં નીરખો ત્યાં શાંતિ છવાઈ ગઈ.

ટહુક્યા મોરલા ને ડ્રાઉં ડ્રાઉં કરે દાદુર,
વાતાવરણમાં નવીન રંગત ભરી ગઈ.

આકાશે ખેંચાયા મેઘધનુષના રંગોને,
સૌના જીવનમાં ખુશહાલી ભરી ગઈ.

મહેશભાઈ રાઠોડ ‘સ્નેહદીપ‘ હિંમતનગર
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO 140
વિષય: વરસાદ શીર્ષક: છાલક
પ્રકાર: અછાંદસ કાવ્ય શબ્દો: ૯૧

પહેલા વરસાદમાં માટીની મહેકે
મસ્તીના મોહોલમાં
છાલક એક વાગીને
સૂતેલા સપનાં જાગ્યાં..

સ્નેહની ટપલી મારા
પિયુજીએ મારી
શરમના શેરડા ફૂટ્યા ને ગાલ થયા રાતા જાણે રંગની છાલક વાગી..
આંખના ઉલાળા ને
પ્રેમના સંદેશા દેતાં ને ઝીલતાં
નજરૂની છાલક હૈયે
મારા વાગી..

ડાળેથી ખર્યું એક ફૂલ પારિજાતનું
ખોબો ધરીને હું તો ઉભી..
પિયુએ ચુમી હળવે હથેળી
રોમ રોમ છાલક જાણે વાગી..

ઝરમર વરસાદમાં ભીંજે મારી ચુંદડી ને
ભીંજવે વાલમનું વહાલ

છાલકે છાલકે હેલી થઈ હેતની
ઘુઘવતા વહેણમાં તણાઈ..
ડુબવુ કે તરવું કાંઈ ના વિચારું..
હાથ ઝાલ્યો છે મારા હરિએ..

હેમા ત્રિવેદી.....કૃષ્ણપ્રિયા
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No.343
વિષય :- વરસાદ
શીર્ષક :- વરસાદની શ્રેષ્ઠતા
પ્રકાર:- પધ. શબ્દો:- ૯૦

સૂર્યની અગનજવાળા ગરમી થકી પ્રસ્વેદબિંદુઓથી શરીર ન્હાઈ ત્યારે વરસે વરસાદ બની છાંટો,
જગતનાં તાત પશુપક્ષીઓ સુકા વન સર્વ જીવ કરે પ્રાર્થના આવ વરસાદ બની જા તું તારણહાર મોટો,
વર્ષા સતત વરસી કરે જળપ્રલય અને ચાતક નજરે રાહ જોતાં વરસે નહી છાંટો ધરતીપુત્રોને લાગે વ્યથાભર્યો કાંટો,
વિશ્વાસ કરશે નહી કોઈ ધોધમાર વરસી વાવાઝોડા સાથે વિનાશ કરી ક્યાંક પડે નહી છાંટો વર્ષાને સ્વાર્થનો લાગ્યો સંગ કરતો નહી આવો ગોટો,
× ચંદ્ર × પ્રકાશની જેમ સર્વત્ર સમાન વરસીને જગનો તાત કરે વાવણીને ધરા પર હરિયાળી છવાઈ ત્યારે બની શ્રેષ્ઠ વરસાદ નથી ખોટો.

× ચંદ્ર × ચંદ્રકાન્ત હરીલાલ માઢક (નીવૃત પોલીસ સબ ઇન્સ.) રાજકોટ
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO.356
વિષય: વરસાદ વિષયક
શીર્ષક: વિરહનો મેહુલિયો
પ્રકાર: અછાંદસ શબ્દ : ૬૨

ઘન ગરજે, મન તરસે,
તન ભીંજે, દીલ તડપે,
વરસે રે આજ મેહુલિયો.

ટીપે-ટીપે, ધીમે-ધીમે,
નયનને-નેવે, ટપક-ટપક,
ટપકે રે આજ મેહુલિયો.

ડબક-ડબક દીલમાં દેડકીઓ દોડે,
ટેહુક-ટેહુક મનમાં મોરલિયો ટહુકે,
માટી સંગ મહેંકે રે આજ મેહુલિયો.

વિરહની વાદળી ઓ વધે,
વિચારો ના વાયરા વંટોળે,
વાતોમાં વમળો ખાય રે મેહુલિયો.

‘સુરીલી‘ સાજણ નો સાથ સાંભરે,
અને આંખોમાં અનરાધાર આજે,
મન મુકીને વરસે રે આજ મેહુલિયો.

નામ સુમિતા હીરપરા ‘સુરીલી‘ વડોદરા

# ઉત્પાદનમાં ઘટાડાના કારણે શ્રીફળના ભાવમાં જંગી વધારો



મુંબઈ : શ્રીફળના ભાવમાં ધરખમ વધારો થતાં મંદિરોમાં શ્રીફળ ધરાવવાની માત્રામાં કાપ મુકાઈ રહ્યાનું એક અહેવાલમાં જણાવાયું હતું. પ્રાપ્ત અહેવાલ પ્રમાણે કેરળમાં શ્રીફળના ભાવ જે ગયા વર્ષે ૩૦ રૂપિયે કિલો મળતા હતા તે હાલમાં જોરદાર વધી ૭૫ રૂપિયે કિલો વેચાઈ રહ્યા છે. ઉત્પાદનમાં ઘટાડાને કારણે ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. કેરળ સહિત દેશના મોટાભાગના રાજ્યોમાં મંદિરોમાં રોજેરોજ હજારોની સંખ્યામાં શ્રીફળ ધરાવવામાં આવે છે એટલું જ નહીં ઘરવપરાશમાં પણ શ્રીફળનો વ્યાપક વપરાશ થાય છે. ભાવમાં ધરખમ વધારાને કારણે શ્રદ્ધાળુઓ દ્વારા શ્રીફળ ધરાવવાની સંખ્યા ઘટી ગઈ હોવાનું કેરળના તિરુવનંતપુરમના એક મંદિરના પ્રશાસકને સદર અહેવાલમાં કહેતા ટંકાયા હતા. શ્રીફળની સાથોસાથ કોકોનટ ઓઈલ જેનો દિવા પ્રગટાવવામાં પણ ઉપયોગ થાય છે તે પણ હવે ખર્ચાળ બની ગયાનું જણાવાયું હતું. વિશ્વમાં ભારત શ્રીફળનો મોટો ઉત્પાદક દેશ છે. નાણાં વર્ષ ૨૦૨૧-૨૨માં શ્રીફળના કુલ વૈશ્વિક ઉત્પાદનમાંથી ૩૨ ટકા ઉત્પાદન ભારતમાં થયું હતું.

# લાફા કાંડ: ચૈતર વસાવાના જામીનમાં વિલંબ, પોલીસ એફિડેવિટ રજૂ કરવામાં નિષ્ફળ રહેતા સુનાવણી ટળી

નર્મદા જિલ્લાના દેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને ‘લાફા કાંડ‘ સંબંધિત કેસમાં જામીન મેળવવામાં વધુ વિલંબનો સામનો કરવો પડી રહ્યો છે. હાલમાં વડોદરા સેન્ટ્રલ જેલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં રહેલા વસાવાની જામીન અરજી પર આજે જિલ્લા કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી, પરંત દેડિયાપાડા પોલીસ એફિડેવિટ એટલે કે સોગંદનામું રજૂ કરવામાં નિષ્ફળ રહેતા સુનાવણી આવતીકાલે, ૧૧ જુલાઈ, ૨૦૨૫ પર મુલતવી રાખવામાં આવી છે.

પ્રાથમિક માહિતી અનુસાર, જ્યાં સુધી પોલીસ તેમની એફિડેવિટ રજૂ નહીં કરે ત્યાં સુધી ચૈતર વસાવાને જામીન મળવા મુશ્કેલ છે. પોલીસ દ્વારા એફિડેવિટ રજૂ કરવામાં આવ્યા બાદ જ કોર્ટ દ્વારા જામીન અંગે અંતિમ



નિર્ણય લેવામાં આવશે. આ કેસમાં ધીમી ગતિએ ચાલી રહેલી કાનૂની પ્રક્રિયાને કારણે ચૈતર વસાવાને જેલમાંથી બહાર આવવા માટે વધુ રાહ જોવી પડી શકે છે. આગામી સુનાવણીમાં પોલીસ દ્વારા એફિડેવિટ રજૂ કરવામાં આવે છે કે કેમ, અને ત્યારબાદ કોર્ટ શું નિર્ણય લે છે તે જોવું રહ્યું.

નર્મદા જિલ્લાના દેડિયાપાડા ખાતે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા અને ભાજપ શાસિત તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા વચ્ચે ગત શનિવારે (૫ જુલાઈ) ઉગ્ર બોલાચાલી બાદ મારામારીનો બનાવ બન્યો હતો. આ ઘટના છ્ફ(આદિજાતિ વિકાસ કચેરી)ની સંકલન બેઠક દરમિયાન બની હતી. આ મામલે ફરિયાદ નોંધાયા બાદ ચૈતર વસાવાની ધરપકડ કરાઈ હતી. આ દરમિયાન પોલીસ અને ચૈતર વસાવાના સમર્થકો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું.

# ઈમરજન્સીમાં લોકોની સ્વતંત્રતા છીનવાઈ, વ્યવસ્થાના નામે ક્રૂરતા કરાઈ: કોંગ્રેસ પર થરૂરના પ્રહાર

કોંગ્રેસ સાંસદ શશી થરુરે ફરી એકવાર પોતાની જ પાર્ટીની વિરુદ્ધ નિવેદન આપ્યું છે. આ વખતે તેમણે કટોકટી (ઈ્વાપ્નિીહર્ષ્ઠઅ) પર કોંગ્રેસને ઘેરી લીધી છે. તેમણે કહ્યું કે, ‘કટોકટી દરમિયાન શિસ્ત અને વ્યવસ્થાના નામે ક્રૂરતા આચરવામાં આવી હતી. કટોકટીને ભારતના ઇતિહાસનો માત્ર એક કાળો અધ્યાય ન ગણવો જોઈએ, પરંતુ તેના પાઠને સંપૂર્ણપણે સમજવું મહત્ત્વપૂર્ણ છે.‘ તેમણે કટોકટી દરમિયાન ઈન્દિરા ગાંધી અને સંજય ગાંધીના કાર્યો પર પ્રશ્નો ઉઠાવ્યા.મલયાલમ અખબારમાં પ્રકાશિત થયેલા એક લેખમાં, કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે ૨૫ જૂન, ૧૯૭૫ થી ૨૧ માર્ચ, ૧૯૭૭ દરમિયાન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી દ્વારા જાહેર કરાયેલી કટોકટીના કાળા યુગને યાદ કર્યો. તેમણે કહ્યું કે, ‘શિસ્ત અને વ્યવસ્થા માટે કરવામાં આવેલા પ્રયાસો ક્રૂરતામાં પરિવર્તિત થયા જેને વાજબી ઠેરવી શકાય નહીં.‘તિરુવનંતપુરમના સાંસદ થરૂરે લખ્યું, ‘ઈન્દિરા ગાંધીના પુત્ર સંજય ગાંધીએ બળજબરીથી નસબંધી અભિયાન શરૂ કર્યું હતું જે આનું એક ગંભીર ઉદાહરણ બન્યું. પછાત ગ્રામીણ વિસ્તારોમાં મનસ્વી લક્ષ્યો પૂરા કરવા માટે હિંસા અને બળનો ઉપયોગ કરવામાં આવ્યો. નવી દિલ્હી જેવા શહેરોમાં, ઝૂંપડપટ્ટીઓને નિર્દયતાથી તોડી પાડવામાં આવી. હજારો લોકો બેઘર થઈ ગયા. તેમના કલ્યાણનું ધ્યાન રાખવામાં આવ્યું નહીં.

# સુરતમાં ડ્રેનેજ વિભાગની નોટિસથી સરકારના નિર્ણયને ચેલેન્જ કરવામાં આવી રહ્યો છે ?

સુરતમાં આવેલા ખાડી પૂર બાદ મુદ્દો રાજ્યમાં ચર્ચાનો વિષય બન્યો છે અને લોકમાં ભારે આક્રોશ છે ત્યારે ગઈકાલે કેન્દ્રીય મંત્રીની અધ્યક્ષતામાં સંકલન બેઠક મળી હતી તેમાં ખાડી પુરનો મુદ્દો મુખ્ય રહ્યો હતો. કેન્દ્રીય મંત્રીએ ખાડી પુર મુદ્દે સિંચાઈ વિભાગની જવાબદારી છે તેવું કહીને અધિકારીઓની ઝાટકણી કાઢી હતી ત્યાર બાદ પણ સિંચાઈ વિભાગના ખાડી પૂર માટે પાલિકા પર જવાબદારી થોપવાનો પ્રયાસ કરી પાલિકાને નોટિસ આપી છે. આ નોટિસ બાદ ડ્રેનેજ વિભાગના કાર્યપાલક ઈજનેર દ્વારા સરકારના નિર્ણયને પણ પરોક્ષ રીતે પડકાર્યો છે તેવું ચિત્ર ઉભુ થયું છે. ખાડી પૂરની જવાબદારીમાંથી છટકવા માટે સિંચાઈ વિભાગ દ્વારા સુરત પાલિકાને એક નોટિસ આપવામાં આવી છે જેમાં મોટા વરાછામાં એક પ્રોજેક્ટ છે જેમાં નદીનો કન્સ્ટ્રક્શન ઝોનમાં પાલિકાએ બાંધકામની મંજૂરી આપી હોવાનો ઉલ્લેખ નોટિસમાં કરવામાં આવ્યો છે તેના કારણે મોટો વિવાદ ઉભો થયો છે. ડ્રેનેજ વિભાગ દ્વારા તાપી નદીની હદથી માર્કિંગ કરેલા ૩૦ મીટરનો કન્સ્ટ્રક્શન ઝોનમાં ફાયનલ પ્લોટ ફાળવી બાંધકામની મંજૂરી આપવાનો આક્ષેપ નોટિસમાં કરવામા આવ્યો છે. ડ્રેનેજ વિભાગના કાર્યપાલક ઈજનેર પેઠાણીએ જે નોટિસ આપી છે તેમાં સીધો સરકારના નિર્ણયને પડકારવામાં આવ્યો હોવાનું કહેવાય છે. સિંચાઈ વિભાગે જે નોટિસમાં પાલિકાએ નદીનાનો કન્સ્ટ્રક્શન ઝોનમાં પાલિકાએ બાંધકામની મંજૂરી આપી છે તેવું કહેવાયું છે. જોકે, મંજૂર ડેવલપમેન્ટ પ્લાન મુજબ સૂચિત નદીની બાઉન્ડ્રી બાદ ૩૦ મીટરનો ટીપી રોડ અને ત્યારબાદ પણ મંજૂર વિકાસ પરવાનગી મુજબ, ડેવલપર દ્વારા નિયમ મુજબ રોડ તરફે ૧૨ મીટરનું માર્જિન ફરજિયાત છોડવાનું રહે



છે. એટલે કે, મંજૂર ડીપીમાં દર્શાવેલી નદીની બાઉન્ડ્રીથી પ્રોજેકટનું બાંધકામ ૪૨ મીટર અંતરે થઈ રહ્યા છે. પરંતુ, ડ્રેનેજ વિભાગ દ્વારા તાપી નદીની હદથી માર્કિંગ કરેલી ૩૦ મીટરનો કન્સ્ટ્રક્શન ઝોનમાં ફાયનલ પ્લોટ ફાળવી બાંધકામની મંજૂરી આપવાનો આક્ષેપ નોટિસ મારફતે કર્યો છેજોકે, ટીપી સ્કીમ નં.૨૫ (મોટા વરાછા)ને સરકારે ફાયનલ સ્કીમ તરીકે મંજૂરી પણ આપી છે અને ડીપી ૨૦૩૫ મુજબ નદીની બાઉન્ડ્રીને પણ સરકારે જ મંજૂરી આપી છે. ઉપરાંત સરકાર દ્વારા નદીની બાઉન્ડ્રી પણ નક્કી કરી જાહેર કરવામાં આવી છે તે મુજબ સુરત પાલિકાએ પ્લાન પાસ કર્યા છે. સરકારે જે ટીપી સ્કીમ મંજુર કરી હોય અને નદીની બાઉન્ડ્રી સરકારે જ નક્કી કરી હોવા છતાં સિંચાઈ વિભાગે પાલિકાને જે નોટિસ આપી છે તેથી આડકતરી રીતે સિંચાઈ વિભાગ સરકારના નિર્ણયને પડકારી રહી હોવાની ચર્ચા શરૂ થઈ છે. આ ઉપરાંત નદી અને ખાડીની માલિકી રાજ્ય સરકારની છે અને તેના પર કોઈ ગેરકાયદે બાંધકામ થાય તો તેને અટકાવવાની જવાબદારી પણ સરકાર એટલે સિંચાઈ વિભાગની જ બને છે.

બેઠકમાં ડ્રેનેજ વિભાગ દ્વારા ખાડી કિનારે માર્જિનના ભાગમાં થયેલ બાંધકામ બાબતે પણ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. ખાડી અને નદીની માલિકી સરકારની હોવાથી ફરજિયાત કંટ્રોલ લાઇનથી માર્જિનની જગ્યામાં થતા કોઈપણ પ્રકારના બાંધકામ દૂર કરવાની જવાબદારી સિંચાઈ વિભાગની રહે છે. જો આ બાંધકામ દુર કરવામાં સિંચાઈ વિભાગ પાસે મશીનરી કે મેનપાવર ન હોય તો જિલ્લા વહિવટી તંત્ર કે સુરત પાલિકાની મદદ લઈ શકે છે. તેથી સરકારની માલિકીવાળી ખાડી કે નદીમાં જે દબાણ થાય છે તે દુર કરવા માટે સિંચાઈ વિભાગે જ કામગીરી કરવાની હોય છે તેથી જ કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે સિંચાઈ વિભાગની ઝાટકણી કાઢી હતી.



ડીસા થી બહુચરાજી ૪૭ માં પગપાળા સંઘના બહુચરાજી મુકામે ભોજન પ્રસાદનું શ્રી કનુભાઈ પોપટલાલ ભરતિયા દ્વારા આયોજન કરેલ છે .જેમાં ભોજન પ્રસાદના દાતાશ્રી નું ધી પીપલ્સ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લિ. ડીસાના ચેરમેન શ્રી શાંતિલાલ હેરૂવાળા ,વાઈસ ચેરમેન શ્રી અશોકભાઈ પાવાલા ,એમડી શ્રી કાંતિલાલ કાનુડાવાલા ,તેમજ સહયોગ મંડળીના ચેરમેન શ્રી મુકેશભાઈ પંચીવાલા તથા બંને મંડળીના ડિરેક્ટરશ્રીઓ દ્વારા સન્માન પત્ર આપી તેમજ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ.

## સરકારી વિનયન કૉલેજ, અમીરગઢમાં એફ. વાય. બી. એ. નો પ્રવેશોત્સવ અને ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઈ.



તારીખ ૧૦/૦૭/ ૨૦૨૫નાં રોજ સરકારી વિનયન કૉલેજ, અમીરગઢમાં એફ. વાય. બી. એ. નો પ્રવેશોત્સવ કાર્યક્રમ અને ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય વડે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કૉલેજ પરિવાર દ્વારા એફ. વાય. બી. એ. ના વિદ્યાર્થીઓનો પ્રવેશ કુમ કુમ તિલક અને સાકર વડે મો મીઠું કરીને કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા ગુરુ વંદના કરવામાં આવી હતી. કૉલેજની વવિદ્યાર્થીની માળી સીમા અને પગી દક્ષા (એસ.વાય. બી. એ.) દ્વારા ગુરૂનાં મહત્વ વિશે વકતવ્ય આપવામાં આવ્યું હતું. ત્યાર બાદ નાઈ હની અને રાઠોડ આરતી દ્વારા ગુરુ ભક્તિનું ગીત રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૉલેજમાં બદલી થી આવેલ નવીન પ્રાધ્યાપક પ્રા. જયકુમાર બુદ્ધદેવ, ડૉ. ભાવેશ પ્રજાપતિ, ડૉ. હિતેશ ઠક્કર, ડૉ. બ્રિજેશ પુરોહિત અને હેડ કલાર્ક દિનેશભાઈ રામસણાં નું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે શ્રી પ્રકાશ સૈની સીબીઆઈ બ્રાન્ચ મેનેજર, અમીરગઢ દ્વારા પ્રાંગોચિત ઉદ્બોધન આપવામાં આવ્યું હતું. ડૉ. નરેશ જોષી અને ડૉ. નીતિન જાદવ દ્વારા કૉલેજ પરિચય આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે કૉલેજનાં આચાર્યશ્રી ડૉ. એન.કે. સોનારા સાહેબ દ્વારા પ્રસંગોચિત ઉદ્બોધન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન સાંસ્કૃતિક વિભાગના ડૉ. નરેશ જોષી અને પ્રા. ફરહિના શેખ તથા સંસ્કૃત વિભાગના ઉપક્રમે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. વર્ષાબેન ચૌધરી અને આભાર વિધિ પ્રા. ભુપેન્દ્ર ચડોખિયા દ્વારા કરવામાં આવી હતી.

## પ્રેરણા કેમ્પેઈન અંતર્ગત ધાનેરા ઈન્ડેન ગેસ એજન્સી દ્વારા ગેસ સલામતી જાગૃતિ કાર્યક્રમ યોજાયા




ધાનેરા, ૯ જુલાઈ ૨૦૨૫ – ધાનેરાની પ્રસિદ્ધ શૈક્ષણિક સંસ્થા સક્સેસ સ્કૂલ માં ઈન્ડેન ગેસ ધાનેરાના સહયોગથી ગેસ સલામતી જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમના મુખ્ય વક્તા શ્રી રમેશભાઈ ઠક્કર દ્વારાપોતાના અનુભવોના આધાર પર વિદ્યાર્થીગણને ઘરેલુ એલપીજી ગેસ સિલિન્ડરની સલામત ઉપયોગ વિશે માર્ગદર્શન આપ્યું.

જેમ કે:

- ગેસ સિલિન્ડર હેન્ડલિંગ અને સ્ટોર કરવાની યોગ્ય રીત
- ગેસ લીક થયા સમયે સાવચેતી ના પગલાં
- રેગ્યુલેટર અને પાઈપ ની નિયમિત ચકાસણી
- રસોડામાં યોગ્ય હવા ઉજાસ ની મહત્વતા
- લિકેજ માટે ઈમરજન્સી નંબર અને સલામતી પ્રક્રિયા

વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો અને જીવંત ડેમો દ્વારા પણ સલામતી શીખી. વિદ્યાર્થીઓ હવે પોતાના ઘરમાં પણ પરિવારને માર્ગદર્શન આપી શકે તેવી સમજણ મેળવી.સક્સેસ સ્કૂલના એમ.ડી હાર્દિક ભાઈ સોનીએ શ્રી રમેશભાઈ ઠક્કર અને ઈન્ડેન ગેસ ધાનેરાનું આભાર માન્યો અને જણાવ્યું કે, “અમે વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકભર્યું જ નહીં, પણ જીવન માટે જરૂરી જ્ઞાન પણ આપવાનું ધ્યેય રાખીએ છીએ. આજનો કાર્યક્રમ એ દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.”આવા જીવનજરૂરી જાગૃતિ કાર્યક્રમો ભવિષ્યમાં પણ નિયમિત રીતે યોજવામાં આવશે એવી જાહેરાત સક્સેસ સ્કૂલ દ્વારા કરવામાં આવી છે.

## વડોદરા જેવી દુર્ઘટના થાય તે પહેલાં સુરતના કામરેજ ખાતે તાપી બ્રિજનું તાકીદે રીપેરીંગ જરૂરી : કુમાર કાનાણી

વડોદરા હાઈવે પર દુર્ઘટના બાદ સુરતના તાપી બ્રીજ ચર્ચામાં આવ્યો છે અને તે બ્રિજ જોખમકારક હોવાની વાત લોકો બાદ હવે સુરતના ધારાસભ્યએ પણ આ બ્રિજને જોખમી ગણાવ્યો છે. અને પાદરા જેવી દુર્ઘટનાનું પુનરાવર્તન થાય તે પહેલાં આ બ્રિજનું કામ ચલાઉ પ્લેટ લગાવી છે તેને કાઢીને બ્રિજ રીપેરીંગ કામગીરી કરવી જોઈએ. આ બ્રિજને તાકીદે રીપેરીંગની જરૂર છે. તેથી ટ્રાફિકની સમસ્યાનો હલ લાવીને પણ બ્રિજ રીપેર ની કામગીરી કરી દુર્ઘટના થાય તે પહેલા કામગીરી કરવી જરૂરી હોવાનું વરાછાના ધારાસભ્યએ જણાવ્યું હતું. ગઈકાલે વહેલી સવારે વડોદરા-પાદરા નજીક ગંભીરા બ્રિજ તૂટ્યા બાદ સુરતમાં પણ બ્રિજની હાલત પર ચર્ચા નીકળી છે. સુરતમાં કામરેજ નજીક તાપી નદી પર બનાવેલા બ્રિજ જર્જરિત છે અને તેને રીપેર માટે અત્યાર સુધી લોકો માંગણી કરી રહ્યાં હતા પરંતુ હવે ભાજપના ધારાસભ્યએ પણ આ બ્રિજને તાકીદે રીપેર કરવા માટે પોતાનો સુર પુરાવ્યો છે. સુરતના કામરેજ બ્રિજ અંગે વરાછા રોડના ધારાસભ્ય કુમાર કાનાણીએ જણાવ્યું હતું કે, સુરતના કામરેજ ખાતે તાપી નદી પર બ્રિજ બનાવવામાં આવ્યો છે તેની વચ્ચેના ભાગે એક લોખંડની પ્લેટ નાખવામાં આવી છે. આ પ્લેટ પહેલા નાખી ત્યારે એક ફૂટ જેટલી પહોળી હતી આજે આ પ્લેટ સાત ફૂટ પહોળી થઈ ગઈ છે. તેનો મતલબ એવો થયો છે કે ક્ષતિ વધતી જઈ રહી છે અને પ્લેટ મોટી થતી જઈ રહી છે. આ પ્લેટ પરથી વાહન ચાલે એટલે પ્લેટ ઉંચી નીચી થાય છે. પછડાય છે તેથી મને એવું લાગે છે કે આ તાત્કાલિક ધોરણે રીપેર કરવાની જરૂર છે. મને એવું જાણવા મળ્યું છે કે હાઈવે ઓથોરિટી ટ્રાફિકની સમસ્યા વધુ થાય તે માટે પ્લેટથી કામ ચલાવી રહી છે. પરંતુ હું ચોક્કસ પણે એવું માનું છું કે ક્ષતિ વધતી જઈ રહી છે અને ક્યાં સુધી પ્લેટથી કામગીરી ચલાવવાની છે? આ રીપેર કરવાની જરૂર છે આજે નહીં તો કાલે તે રીપેર કરવાની જરૂર તો પડવાની જ છે. છે.જોકે, ટ્રાફિકની ચિંતા કર્યા વિના ટ્રાફિક ડાઈવર્ઝન થઈ શકે તેમ છે તેથી તેવું આયોજન કરવું જરૂરી છે. એટલે દુર્ઘટના ઘટે તે પહેલાં આ પ્લેટ કાઢીને બ્રિજનું રીપેરીંગ કરવું જોઈએ.




# બ્રિટનના પ્રોફેસર રોબર્ટ ફ્રેઝર માટે હવેલી લેતાં ગુજરાત ખોવા જેવો ઘાટ થયો!!!

માણસ પરિવારનું ભરણપોષણ કરવા માટે નોકરી, ધંધો, વ્યવસાય કરે છે. કેટલાક ઓનલાઈન તો કેટલાક લોકો ઓફલાઈન નોકરી કરે છે. મેડીકલ રીપ્રેઝન્ટેટીવ ઉનાળામાં કૌન બનેગા કરોડપતિની હોટ સીટ( જે ખરેખર હોટ હોતી નથી) જેમ બાઈકની હોટમ્ હોટ સીટ પર બેસીને ડોકટરે, કલિનિકો, હોસ્પિટલે ફરી ફરીને દવા, ગોળીઓ, ઈન્જેકશન્સ, મેડીકલ ઈકવિપમેન્ટના ઓર્ડરો કમિશન આપીને મેળવે છે!! પાનના ગલ્લાવાળા, સફાઇ કામદાર,ઝેરોકસવાળા વગેરે તનતોડ મહેનત કરે છે. સરકારી બાબુઓ એસીમાં બેસીને ફાઇલોમાં માથા પચ્ચીસી કરે છે.

તમે એક વાતે સંમત થશો કે કોઈને પણ પોતાના પગારથી સંતોષ હોતો નથી. કલેકટર , ડીએસપી કે મુખ્ય સચિવ કે આપણા હાલના રાષ્ટ્રપતિ અને ભૂતપૂર્વ થનાર કોવિદ સાહેબને પણ મળતા પાંચ લાખ રૂપિયાના પગારથી સંતોષ નથી!! હવે તકલીફ એ છે કે રાષ્ટ્રપતિ ફરજો દરમિયાન કે નિવૃત થયા પછી પાર્ટ ટાઇમ નોકરી-વ્યવસાય કરી શકતા નથી.) સુપ્રિમ કોર્ટમાં વકીલાત કરી શકે પણ કલાયન્ટસ મળવા જોઇએ ને?) મુખ્યમંત્રીને શાંતિ છે કે મુખ્ય મંત્રીની ખુરશી પર ઉતર્યા પછી નાયબ મુખ્યમંત્રી ( ?અનૈચ્છિક કે ઐચ્છિક) બની શકાય છે. મંત્રી પણ બની શકાય છે. ( ઉદાહરણ તરીકે પરમ ભગવદીય સ્વ.બાબુભાઇ જશુભાઈ પટેલ મુખ્યમંત્રીપદેથી ઉતર્યા પછી માત્ર ને માત્ર નર્મદા યોજના માટેની અનન્ય પ્રીતિને લીધે નર્મદામંત્રી બનેલ. તેમની ઓફિસમાં ફોન કરો કે પીએ હોય કે ન હોય જાતે ફોન ઉંચકીને કહે કે બા.જ. પટેલ બોલું છું. સફળ અને સશકત મુખ્યમંત્રીશીપ પૂરી થયા પછી અમદાવાદ-ગાંધીનગરની ડબલ ડેકર બસમાં ટિકિટ ખરીદીને મુસાફરી તરતા જોયા છે!!સાદગીનું વિરલ દ્રષ્ટાંત હતા!!!બાકી પૂર્વ સરપંચશ્રી કે સરપંચશ્રીનું લાલ બોર્ડ લગાવીને ફરનારા નાની સંખ્યામાં નથી હોં કે!!

ઘણા લોકો કામ અને પગારને અલગ અલગ માને છે. તેમની અપરિહાર્ય માન્યતા મુજબ કચેરીમાં જઇને કે ગયા વગર રોટલાપત્રક( હાજરીપત્રક વ્યવહારિક નામ) માં સહી કરવા કે કાર્ડ જાતે કે અન્યો મારફતે સ્વાઈપ ( બોલચાલની ભાષામાં કાર્ડ ઘસવા) કરવાનો દરમાયો એટલે પગાર. ઘણા બાબુઓ પગારને ચણામમરા તુલ્ય માને છે. વાસ્તવમાં તેમની માન્યતા ક્ષતિયુકત છે. કેમ કે, ચણા મમરાના ભાવ પગારની રકમ કરતા વધુ હોય છે. !!!એટલે તેઓશ્રીઓ સાઇડ ઈનકમ- પ્રેકટિસ ફી યથાતથ કમાય છે!! ઘણીવાર સાઇડ ઈનકમ મેઈન ઈનકમ કરતાં ક્યાંય આગળ નીકળી જાય છે, એ વાત અલગ છે!!!

આપણે ત્યાં પેઢી દર પેઢીથી ખેતીની સાથે પૂરક વ્યવસાય પશુપાલન છે. ઘણા લોકો નોકરી સાથે ફટાકડા, પતંગ , નમકીન વગેરે વેચતા હોય છે. નોકરીની સાથે પત્નીના નામે એલઆઈસી એજન્સી, હર્બોલાઈટ ( જે પાવડર વજન ઘટાડવા આપે એ જ પાવડર વજન વધારવા આપે. નવાઇ ન કહેવાય? કંપની ૪૦% જેટલું તગડું કમિશન આપે એટલે પેલો એજન્ટ જેનુંતેનું ગીલોટીન કરે. ગીલોટીન એ ફ્રેન્ચ શબ્દ છે. તેનો અર્થ સામુહિક કત્લ છે. વિધાનસભામાં જે માંગણીઓ ચર્ચા માટે ગૃહમાં રજૂ ન કરવામાં આવે તેવી તમામ માંગણી ગિલોટીનથી મંજૂર કરવામાં આવે છે!!!) વગેરે વેચે છે. ટાઈપિસ્ટ કે સ્ટેનો ખાનગી ટાઈપકામ સરકારી ટાઈમમાં કરે છે. અમારા હિતેશભાઈ રાવલ, શેખભાઈ, પ્રકાશલાલા, સુરેશ પારધી, અખ્તર સૈયદ એકટિંગ વચ્ચે છૂટક નોકરી કરી લેતા હતા !!!

કેટલાક લાભશંકર , સિધ્ધપુરા કે કશ્યપભાઇ જેવા નોકરીની સાથે ટ્રાવેલ્સ કંપની પણ ચલાવી લે. શિક્ષકો ટયુશન કરે, ખાતર વેચે જમીનની લેવેચ કરે. પ્રોફેસરો એનજીઓ ચલાવે,પુસ્તકો લખે, ટયુશન કરે. ટુંકમાં પેટ કરાવે વેઠ.આમ, તો નોકરી સાથે પૂરક વ્યવસાય માટે સૌ આંખ આડા કાન કરે છે. ક્યારેક પોતાના પુત્રની પેઢીમાંથી કોમ્પ્યુટર પેરીફિલ્સ ખરીદનાર નોકરીથી હાથ ધોઇ બેસે છે!!

હમણા એક પ્રોફેસરે બુલેટ ટ્રેનની વધતી જતી સ્પીડે મોંઘવારી વધે છે. મોંઘવારીમાં પગાર ઝાંકળ જેવો પુરવાર થાય છે. બ્રિટનની ઓકમિડ ટેકનોલોજી કોલેજના પ્રોફેસર રોબર્ટ ફ્રેઝર પાઉન્ડના પગાર ઉપરાંત વધારાના શિલિંગ-પેન્સની કમાણી કરવા યુવતીની જેમ સિટ્રપ્ટીઝ શો કરી થોડા પાઉન્ડ કમાતા હતા. રોર્બર્ટ ફ્રેઝરની કોલેજના વિધાર્થી આ શો જોવા ગયેલો. પ્રોફેસર સવારમાં કોલેજે જે કપડાં પહેરીને આવતા હતા તે કપડા વન બાય વન ઉતારી હવામાં ફંગોળતા. પ્રોફેસરની છાપ ધાર્મિક અને હોશિયારની હતી.તે લોકપ્રિય પણ હતા. પેલા વિધાર્થી માટે પ્રોફેસર આઇકોન હતા. તેની માન્યતા નેસ્તનાબુદ થતાં તેણે કોલેજ મેનેજમેન્ટને જાણ કરી. કોલેજે તેને ગડગડિયું પકડાવી દીધું !!

રોબર્ટ ફ્રેઝર માટે હવેલી લેતાં ગુજરાત ખોવા જેવો ઘાટ થયો!!!

ભરત વૈષ્ણવરવિયા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.